# તલોદ ખાતે સાતમાં તબક્કાનો પ્રથમ ગરીબ કલ્યાણ મેળો યોજાયો

તલોદ, તા.૨૦

રાજય સરકારની વિવિધલક્ષી કલ્યાણ યોજનાઓનો લાભ હાથો હાથ પહોંચાડવાના ભાગ રૂપે હાથ ધરાતા ગરીબ કલ્યાણ મેળાના સાતમા તબકકાનો પ્રારંભ સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે એ.પી.એમ.સી. શેડમાં રાજયના કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજાએ રકમ સહાય હાથો હાથ આપવા આ મેળાનું આયોજન હાથ ધરાયું છે. રાજય સરકારે ગરીબો માટે અનેક કલ્યાણ કરી યોજનાઓ મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલ દ્વારા અમલી બનાવી છે.

આ સરકારે ગરીબોની સાચા અર્થમાં સતત ચિંતા કરી તેમને આર્થિક રીતે સધ્ધર કરવા વડાપ્રધાન નરેદ્ર યોજનાની વાત કરતા મંત્રીશ્રી જાડેજાએ જણાવ્યું હતું કે દેશના તમામ નાગરીકને પોતાનું બેંક એકાઉન્ટ હોય જેના થકી ૫ હજાર જેટલી રકમ વિમા કવચ હેઠળ આવરી લેવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આ ગરીબ કલ્યાણ મેળામાં રાજય અનુસુચિત આર્થિક વિકાસ નિગમના ચેરમેન ઝવેરભાઈ



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

મંગલદિપ પ્રગટાવીને કર્યો હતો. આ ગરીબ કલ્યાણમેળામાં તલોદ/પ્રાંતિજ તાલુકાના ૩૫૦૨ લાભાર્થીઓને આવાસ, બેંકેબલ અને સ્વરોજગાર, ખેતીવાડી, શહેરી, ગરીબી, સામાજીક સુરક્ષા, માતૃબાળ કલ્યાણ તથા સમાજ કલ્યાણની વિવિધ યોજનાઓ અંતર્ગત રૂ. ૨૯.૫૦ લાખના સાધન સહાયનું વિતરણ કરાયું હતું.

આ ગરીબ કલ્યાણ મેળાને ખુલ્લો મુકતા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ગરીબોને સીધી સહાય મળી રહે અને વચેટીયા દ્વારા કમીશનોમાંથી મુકત થઈ પુરતી

રાજય સરકારે જન ધન મોદીએ ૨૦૦૭થી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન શરુ કર્યુ હતું. શહેરી ગરીબો માટે પણ આપણા પ્રથમ મહિલા મુખ્ય પ્રધાને ૩૩ ટકા મહિલાઓને નોકરી અને કુપોષણ અંગે સવિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આ વિસ્તારના કેટલાય ગરીબોને તાલુકા અને જિલ્લા કે ગાંધીનગર સુધી રુબરુ ન જવું પડે તે માટે આપણા વડાપ્રધાને ઘર આંગણે જઈ તેમને હાથો હાથ લાભ પહોંચાડયો છે. આ સરકારે સાચા અર્થમાં લોકોને સરકાર તમારે દ્વારેની પ્રતિતી કરાવી છે.

ચાવડા, ગુડાના ચેરમેન અશોકભાઈ ભાવસાર, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ કાયદા મંત્રી વી.ડી. ઝાલા તલોદ પાલિકા પ્રમુખશ્રી પ્રવિણભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી મામલતદાર વી.કે. જોષી, એ.પી.એમ.સી. ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે તલોદ એ.પી.એમ.સી.ના ચેરમેન નરેન્દ્ર પટેલે ૨૧,૦૦૦નો ચેક જમ્મુ કાશ્મીર આપત્તિ માટે એનાયત રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાને કર્યો હતો.

# આજે વડાગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત વેપારીઓ સાથે મીટીંગ યોજાશે

વડાગામ, તા.૨૦

અરવલ્લી જિલ્લાના વડાગામ ખાતે સ્વચ્છ ગામ બનાવવાનું અભિયાન હાથ ધરાયું છે. ગ્રામ પંચાયત દ્વારા આ અભિયાન અંતર્ગત સફાઈ કામનો ઈજારો બહાર પાડવાનો હોઈ સ્ટેશન વિસ્તારના તમામ દુકાનદારો અને લારી ગલ્લાવાળાઓની ગ્રામ પંચાયતના હોદેદારો સાથે એક મીટીંગનું આયોજન તા. ૨૧મી સપ્ટેમ્બર રવિવારે સવારે ૯.૩૦ કલાકે રાખવામાં આવી છે.

આ મીટીંગ વડાગામ હાઈસ્કૂલના હોલમાં વડાગામના સરપંચ સૂર્યભાણસિંહ રહેવરના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી છે આ મીટીંગમાં અરવલ્લી જિલ્લાના કલેકટરના જાહેરનામાના અનુસંધાને જાહેર રસ્તા તેમજ મોટા શોપીંગ કોમ્પ્લેક્ષ તથા ફલેટમાં સીસીટીવી કેમેરા લગાડવાની બાબતો અંગે પણ ચર્ચા કરાશે. આ મીટીંગમાં દરેક દુકાનદાર અને લારી ગલ્લા વાળાઓને ફરજિયાત હાજર રહેવા અનુરોધ કરાયો છે.

# અરવલ્લી જિલ્લા કક્ષાની ચીંતન શીબીર શામળાજી આર્ટસ કોલેજ ખાતે યોજાઈ

મોડાસા, તા.૨૦

અરવલ્લી જિલ્લા ની જિલ્લા કક્ષા નીચીંતન શીબીર શામળાજી ખાતે આવેલ આર્ટસ કોલેજ ખાતે યોજાઈ હતી બે દીવસ ચાલનાર આ ચીંતન શીબીર ની ગઈકાલ થી શરૂ કરવામાં આવી હતી આ ચીંતન શીબીર માં રાજય ના ગુહમંતરી રજનીકાંત પટેલ ના અધ્ય સ્થાને રાખવામાં આવી હતી અરવલ્લી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ ધ્વારા અધિકારીઓ ને જિલલાના વિકાસ માટે તથા સરકાર ની તમામ યોજનાઓ લાભ જીલ્લા ના લાભાર્થીઓ ને મળી રહે તે માટે કામ કરવા જણાવ્યુ હતુ સાથે જ જીલ્લા નો વીકાસ વધુ કઈ રીતે થાય તે માટે પણ ચર્ચા કરવામાં આવી હતી આ કાર્યક્રમ માં રાજય ના ગૃહમંત્રી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ અધિક કલેકટર જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલતા બહેન અને જિલ્લા સાંસદ દીપસીહ અને ભીલોડા ના ધારાસભ્ય અનીલભાઈ જોષીયારા અને જીલ્લા ના તમામ ઉચ્ચ કક્ષા ના અધિકારીઓ ઉપસ્થીત રહયા હતા.

# મોડાસા ડેપોની કથળેલી હાલતના કારણે મુસાફરો પરેશાન : ડેપોનું નવિનીકરણ કરવા માંગ

મોડાસા, તા.૨૦

અરવલ્લી જીલ્લા ના વડા મથક તરીકે મોડાસા શહેર ને દરજજો તો મળ્યો પણ હજુ સુધી આ દરજજા ને લાયક શહેર માં સુવિધાઓ પુરી નથી થઈ આ સુવિધા માટે ઝંખતુ એક મોડાસા શહેર નુ ડેપો પણ છે. અરવલ્લી જીલ્લા ના મોડાસા ડેપો ની કથડેલી હાલત ના કારણે મુસાફરો એભારે મુશ્કેલી નો સામનો કરવો પડે છે. જયારે બીજી બાજુ આ બસ ડેપો ગુજરાત રાજય માં આવક ની દ્રષ્ટી એ ચોથો નંબર આવે છે. ત્યારે આ ડેપો નુ નવિનીકરણ થાય તેવી લોક માંગ ઉઠવા પામી છે.

મોડાસા શહેર એટલે શિક્ષણ અને આરોગ્ય નગરી તરીકે જાણીતુ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

શહેર જેના કારણે મોડાસા માં બહાર ના લોકો ની અવર જવર સૌથી વધુ રહે છે. સાથે મોડાસા શહેર એ જિલ્લા લેવલ નુ મથક છે.અને મોડાસા બસ ડેપો એ ઉત્તર ગુજરાત નો સૌથી વધુ આવક આપતો ડેપો છે.જયારે મોડાસા ડેપો પાસે વિશાળ જગ્યા પણ છે. જેનો કોઈ ઉપયો થતો નથી આ વખતે ગુજરાત રાજય સરકાર ધ્વારા ડેપો ના નવિનીકરણ અને આધુનીકરણ માટે કેટલાએ રૂપીયા ફાળવવામાં આવ્યા છે. પરંતુ આ રૂપીયા માં થી કમાઉ દિકરા સમાન મોડાસા ડેપો ના નવિનીકરણ પ્રત્યે કેમ ઓરમાયુ વર્તન રાખવામાં આવ્યુ તે ચર્ચા નો વિષય છે. જેને લઈ ને મોડાસા નગરની જનતા માં નારાજગી વ્યાપી છે. એ તેને લઈ ને લોકો એ ગુજરાત બસ નિગમ ને પણ મોડાસા ડેપો ના અપગ્રેડેશન બાબતે રજુઆત કરી હોવા છતાં પણ આજદિન સુધી કોઈ પરીણામ નથી આવ્યુ.

ગુજરાત રાજય માં જોવા જઈએ તો આવક ની દ્રષ્ટી એ મોડાસા ડેપો નો ચોથો નંબર આવે છે.જયારે આ ડેપો ની કમનસીબી એ છે કે ડેપો રોડ થી ૪ ફુટ નીચચે આવેલો છે.જેના કારણે વરસાદી માહોલ માં બસ ડેપો માં પાણી ચરાય છે. અને ગંદકી નુ સામ્રાજ્ય ફેલાય છે. તેથી મુસાફરો ને મહા મુશ્લીઓ નો સામનો કરવો પડે છે. સાથે પંચમહાલ માં થી આવતા જતા મુસાફરો માટે તો પ્લેટફોર્મ ઉપર કોઈ પણ પ્રકાર ની સુવિધા જ નથી જેના કારણે લોકો નેતાપ માં તપવાનો વારો આવે છે. એટલા માટે મોડાસા બસ ડેપો નો સારો અને ઝડપી વિકાસ થાય



અને મુસાફરો ને સારી સુવિધા મળી રહે તેવુ લોકો ઈરછી રહયા છે.

મોડાસા ડેપો માં થી માલપુર મેઘરજ ભીલોડા અને ધનસુરા ડેપો નુ



પણ સુચાલન કરવામાં આવે છે.મોડાસા થી અમદાવાદ નો ટ્રાફીક વધારે રહેતો હોય છે. મોડસા ડેપો મા થી અંદાજે ૩૫૦ ગામડાઓ ના રૂટ ઉપર બસો જતી હોય છે. અને મોડાસા શિક્ષણ અને આરોગ્ય નુ ધામ હોવાથી લોકો ની અવરજવર પણ વધારે રહે છે. જયારે ડેપો ના સંચાલકો ધ્વારા પણ ડેપો નુ નવિનીકરણ કરવા માટે વારંવાર રજુઆત કરવામાં આવી છે. છતાં પણ કોઈ પગલા લેવાતા નથી

જેથી આ મામલે ડેપો નુ નવિનીરણ થાય તે માટે અધિકારીઓ ધ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆતો મોકલી દેવામાં આવે છે. અને ટુંકજ સમય માં ડેપો નુ નવિનીકણ કરવામાાં આવશે તેવુ જણાવા માં આવ્યુ હતુ.જો કમાઉ દીકરા પણ બસ નિગમ ને ગમતા નથી તો શુ મોડાસા શહેર આજે વિકાસ ની હરણફાળ ભરી રહયુ છે. ત્યારે મોડાસા બસ ડેપો નો થોડો વિકાસ થાય તો મોડાસા શહેર વેવંતુ બને અને પરવાસીઓ ને વધુ સગવડો મળે તેમ છે.

## મોડાસા ડેપો મેનેજર શુ કહે છે

મોડાસા ડેપોમાં મુસાફરો



માટે સવિધા ના નામે મીંડુ હોવા બાબતે મોડાસા ડેપો મેનેજર કિર્તનભાઈ પટેલ ને પુછતા તેમણે જણાવયુ હતુ કે અમો એ આ ડેપો ને જીલ્લા ના વડામથક ના ડેપો તરીકે સુવિધાઓ પુરી પાડવા માટે ઉચ્ચ કક્ષાએ રજુઆત લેખીત અને મૌખીક રીતે કરી દીધી છે અને જલ્દી થી ડેપો નુ નવિનીકરણ હાથ ધરાશે.

## સમાજીક કાર્યકર નિલેષ જોષી શું કહે છે ?

મોડાસા શહરેને જયારથી



અરવલ્લી જીલ્લાના વડા મથક તરીકે જાહેર કરવામાં આવ્યુ છે. ત્યારથી મોડાસા શહરે માં વિકાસ થાય તેમ મોડાસા ની જનતા ઈરછી રહી છે અને બસ નિગમના ચેરમેન મોડાસ ડેપોથી જાણીતા જ છે અને તેઓ પોતે રસ લઈ ને મોડાસા ડેપો ના નવિનીકરણ માટે પ્રયસ કરે તેવુ જનતા ઈરછી રહી છે.

# પાલનપુરના રહેણાંક વિસ્તારમાં અનીતિના ધામનો પ્રજાએ પર્દાફાશ કર્યો

પાલનપુર શહેરના રહેણાંક વિસ્તારમાં અનૈતિકતાનું ધામ ચલાવતી એક માથાભારે મહિલા સામે સ્થાનિક વિસ્તારના લોકોએ વારંવાર પોલીસમાં રજુઆતો કરવા છતાં કોઈ જ પગલાં ન ભરાતા જાતેજ જંગ છેડયો હતો. સ્થાનિક લોકોના રોષ સામે આ મહિલાએ પણ ઉશ્કેરાઈ ગાળા ગાળી કરતા મામલો બધુ બીચકયો હતો. પાલનપુરના સ્થાનિક વિસ્તાર હનુમાન શેરીથી લુહારવાસ તરફના વિસ્તારમાં ઘણા સમયથી રૂપલલનાઓના દેહના વ્યાપરની બદી વધી જવા પામી હતી. આ વિસ્તારમાં કેટલાક સ્ટડી ઈન્સ્ટીટયુટ હોવાથી બાળકો અભ્યાસ અર્થે આવે છે તેના કુમળા માનસ પર ઘેરી અસર પડે છે. વળી આ વિસ્તારમાં રાત્રિના સમયે મંદિરના ઓટલે બેસતા નાગરિકો અને રૂપજીવીઓના ગ્રાહકો વચ્ચે તકરાર ઘર્ષણ સર્જાય છે. ધામ અંગે સ્થાનિક રહીશોએ વારંવાર પોલીસને રજૂઆત કરવા છતાં કોઈ પગલાં ન ભરાતા છેવટે લોકોએ એકત્ર થઈ મહિલાને આ ધંધો બંધ કરવા કહેવા જતા આ મહિલાએ ઉશ્કેરાઈને ગાળાગાળી કરી હતી. આ કારણે મામલો વધુ બીચકતાં સ્થાનિક મહિલાઓ સાથે છુટ્ટા હાથની મારામારી પણ થવા પામી હતી અને છવટે મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો હતો.

# શબ્દાવલી - ૫૫૧૧



## આડી ચાવી

૧. ભુલ, બેદરકારી (૪)
૪. પાલવને હિન્દીમાં પલ્લુ અથવા... કહેવાય (૩)
૬. લાઇનબદ્ધ ચાલવું, ... કરવી (૩)
૭. દ્રાક્ષ, અંગુર (૩)
૮. પાઠ ભણાવવો, ... મળવો(૩)
૯. માછલી (૨)
૧૦. રદ, કેન્સલ (૩)
૧૩. સૂક્ષ્મ, જીણુ (૩)
૧૪. તલવાર -ખડગ (૪)
૧૫. ઠીંગણું (૩)
૧૮. બૌદ્ધ દર્મના વડા, પુજ્ય વ્યક્તિ (૨)
૧૯. દર્શન (૩)
૨૦. કોલસા વગેરેની... હોય છે(૨)
૨૧. ખેલ કરતો વ્યક્તિ (૨)
૨૨. દારૂની એક જાત (૨)

## ઊભી ચાવી

૧. .... કરવી, વાતો કરવી(૪)
૨. દગો, ધોખો, છળ (૩)
૩. લડવાડિયુ, ઝગડાળુ (૪)
૪. પત્ની, ભાર્યા (૨)
૫. એક મુલાયમ લાગતું કાપડ (૪)
૭. રાજાના દરબારમાં બેઠેલ વ્યક્તિ (૪)
૧૧. તકનો લાભ ઉઠાવનાર(૪)
૧૨. તલ્લીન (૪)
૧૩. જેમાં માલ ભર્યો હોય તે ખાલી બાંધણ કે પાત્ર (૪)
૧૪. બુંગણ જેવા એક ખાસ પ્રકારના કાપડ (૩)
૧૬. આધાર (૩)
૧૭. ઢીલુ-પોચુ (૩)

## શબ્દાવલી ૫૫૧૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) અવળચંડુ (૫) જીત (૭) જજ (૮) દલડુ (૧૦) રાન (૧૨) ઝરમર (૧૪) રઝળપાટ (૧૬) વક (૧૭) કજીયો (૧૯) કકળાટ (૨૧) રીવાજ (૨૨) ચોપટ (૨૩) ચશ્મા

**ઊભી ચાવી :-** (૧) અજરામર (૨) વજન (૩) ચંદન (૪) ડુલ (૬) તલવાર (૯) ડુંગર (૧૧) સળવળાટ (૧૨) ઝટ (૧૩) મરજીવા (૧૫) પાકટ (૧૭) કરીશ્મા (૧૮) યોજના (૧૯) કચો (૨૦) કપ

ટચૂકડી જાહેર ખબર

**રસોયાબેન જોઈએ છે**

ગાંધીનગર જિલ્લાના માણસા પાસે પ્રતાપનગરમાં રહેવા-જમવાનુંને + વેતન કોન્ટેક્ટ નંબર

૯૯૨૪૩ ૫૫૩૫૯

**ઓફીસ ભાડે આપવાની છે**

સિદ્ધરાજ ઝોરી, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

૯૮૭૯૦ ૮૯૨૪૬

૯૯૦૯૦ ૧૭૭૪૮

# વગેરે... વગેરે...

● બીજા પાનાનું ચાલુ

બીજું કે કોઈ પણ આર્ટની કીમત બાબત ક્યારેય એકમતતા બની શકે નહિ અને સૌથી અગત્યનું કે સંઘરેલું આર્ટવર્ક તમે ધારો ત્યારે અને ધારો એ કીમતે તાત્કાલિક જ વેચાય જાય એવું મોટાભાગે શક્ય નથી.

૨૦૦૦-૨૦૦૭નો સાત વર્ષનો ગાળો ભારતીય આર્ટવર્ક માટે બહુ સારો સમય હતો. ચિત્રોને આર્ટવર્ક ઘણી ઉંચી કીમતે વેચાતા થયેલા. આ સમયગાળામાં મોટાભાગના આર્ટ કલેક્ટરોના સંગ્રહમાંથી કલાકૃતિઓ ચા દામે ઓફિસો અને ઘરોમાં પહોચતી થઈ જેને લીધે આ કલેક્ટરોએ ગેલેરીઓ શરુ કરી પણ ૨૦૦૯ પછીથી ઘર આંગણે ફરીથી આર્ટ ક્ષેત્રે નબળો સમય શરુ થયો છે. ઈન્વેસ્ટરો અને કલેકટરો પણ સુસ્ત અને સાવચેતીથી રોકાણ કરતા થયા છે એનું કારણ કદાચ વળતરનું ઘટેલું પ્રમાણ કે પછી અનેક કલાકરોથી ઉભરાતી આર્ટ ઈન્ડસ્ટ્રીમાં વેચાણની મનફાવે તે રીતો હોય શકે. ઘણા વર્કસ ઉત્તમ કોટીના હોવા છતાં ક્યાં તો વેચાયા વગર પડ્યા રહ્યા કે પછી મામુલી કીમતે વેચાયા પણ અમુક અમુક સમયે થતી આવી આર્ટડીલને હિસાબે હજુ પણ ઈન્વેસ્ટરો કે ખરીદનારાઓનો ઝોક આર્ટવર્ક તરફ જળવાયેલો રહ્યો છે. ઈન્ડિયા આર્ટફેર જેવા મેળાવડાઓના પ્રતાપે વિશ્વમાં ભારતીય ચિત્રકારો પ્રત્યે રસ જાગ્યો છે. વિશ્વની બીજી સૌથી મોટી આર્ટ માર્કેટ ગણાતા ચીને પણ ભારતીય આર્ટ કલાકારોમાં પોતાનો રસ દાખવ્યો છે. આપણે ઈચ્છીએ કે ભારતીય આર્ટવર્ડમાં જેરામ પટેલ કે તૈયબ મેહતા જેવા બનાવો વારંવાર બને અને દરેક ક્ષેત્રે પ્રગતિ કરી રહેલા ભારતમાં બહુ ઝડપથી અને વિસ્તારથી આર્ટમાં રોકાણનું માર્કેટ અને માનસિકતા ખુલે જેથી ભારતની કળા વારસા ને સાચવતા અને આગળ વધારતા અનેક નામી - અનામી કલાકારોની કળાની યોગ્ય કદર થાય.

**વિસામો -**

જો હું મારી વાતને શબ્દોમાં રજુ કરી શકતો હોત તો, ચિત્ર શા માટે બનાવત???

**- એડવર્ડ હોપર**

# ઈન્વેસ્ટર્સ સમીટના પ્રચાર પ્રસાર માટે લેટર પેડ પર સમીટનો લોગો લગાવવા સૂચના

ગાંધીનગર, તા. ૨૦

આગામી જાન્યુઆરીમાં વાયબ્રન્ટ ઈન્વેસ્ટર સમીટ યોજાનાર છે ત્યારે તેના પ્રચાર અને પ્રસાર માટે મંત્રીઓ અને સરકારી કચેરીઓ વિભાગોના વડાઓને લેટરપેડ તેમજ કચેરી દ્વારા કરવામાં આવતા પત્ર વ્યવહારોમાં વાયબ્રન્ટ સમીટનો લોગોનો ઉપયોગ કરવાની સૂચનાઓ આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૧૧મી જાન્યુઆરી-૨૦૧૫ થી ત્રણ દિવસ માટે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર સમિટ યોજાનાર છે. આ સમિટનું ઉદ્ઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવનાર છે.

આથી આ સમિટનો બહોળો પ્રચાર અને પ્રસિદ્ધિ થાય તે માટે રાજ્ય સરકારે તમામ મંત્રાલયો અને સચિવાલયના વિભાગોના વડાઓ અને તેમના તાબા હેઠળની કચેરીઓને લેટરપેડ ઉપર તેમજ પત્રવ્યવહાર કરવામાં આવે તેના પર વાયબ્રન્ટ ઈન્વેસ્ટર સમિટનો લોગો વાળા લેટરપેડનો ઉપયોગ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સમિટ સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા ઓગસ્ટ મહિનામાં દિલ્હી ખાતે એક કેર્ટન રેઈઝર પ્રોગ્રામ કર્યો હતો જેને ભવ્ય સફળતા મળવા પામી હતી.

આ સમિટ યોજવાનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરેથી પબ્લિક પોલીસીને લગતા જુદા જુદા દૃષ્ટિબિંદુઓ મેળવવાનો હોય છે કે જેના આધારે વહીવટના જુદા જુદા ક્ષેત્રે નિતિ નિર્ધારણ માટે જરૂરી ઈનપુટ્સ મળી રહે. આથી આ માટે તમામ વિભાગોને વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫માં સક્રિય ભૂમિકા ભજવવા માટે પણ વિભાગોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## જાહેર ખબર

ગ્રંથાયલ નિયામકની કચેરી, ગુ.રા., રાજ્ય ગ્રંથાલય ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે પુસ્તક ખરીદીની જુદી જુદી યોજનાઓ અન્વયે પુસ્તકોનું વર્ગીકરણ, નંબરીંગ, સ્ટેમ્પીંગ અને યોજનાના પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી તેમજ વિષયવાર પુસ્તકો છૂટા પાડી યાદી મુજબ ગોઠવવાની કામગીરીના ભાવો બંધ કવરમાં તા. ૧૦/૧૦/૨૦૧૪ સુધીમાં આ કચેરીને મળી જાય તે પ્રમાણે એજન્સીઓ પાસેથી પુસ્તક દીઠ એન્ટ્રી માટે ભાવ મંગાવવામાં આવે છે. આ ભાવની સાથે કરવાની થતી કામગીરીની કાર્યપદ્ધતિ પણ જણાવવાની રહેશે. આ જાહેરાત નીચેની વેબસાઈટ પર જોઈ શકાશે.

**ફોન નં. ૨૩૨૨૨૪૮૪, ૨૩૨૨૧૧૦૭**

www.sycd.gujarat.gov.in
www.books4gujarat.com

**ડો. વર્ષા મહેતા**
ગ્રંથાલય નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૨૫૨/૧૪-૧૫

## ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડ

**(ગુજરાત સરકારનું સાહસ)**

**બ્લોક નં. ૧૮, પાંચમો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૧**

**ફોન નં. (૦૭૯) ૨૩૨ ૫૪૪૬૨, ૨૩૨૫૪૪૬૩, ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૨૯૬૫૧**

નિગમની માલિકીનું નીચે જણાવેલ વાહન જ્યાં છે, જેમ છે, ના ધોરણે હાલ ચાલુ હાલતમાં) ટેન્ડર-કમ-હરાજીથી વેચાણ કરવાનું છે

| વાહનનો પ્રકાર | વાહનનો રજીસ્ટ્રેશન નંબર | મોડેલ | ટેન્ડર ફોર્મ ફી | બાનાની રકમ |
|---|---|---|---|---|
| મારૂતિ એસ્ટીમ | નં. જીજે-૧૮-એ-૭૭૫૮ | વર્ષ-૨૦૦૧ | રૂ. ૫૦૦/- | રૂ. ૫૦૦૦/- |

રસ ધરાવતી વ્યક્તિઓએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) રોકડા ભરી ટેન્ડર ફોર્મ તા.૨૩/૯/૨૦૧૪થી તા. ૩૦/૯/૨૦૧૪ના બપોરના ૩-૦૦ કલાક સુધીમાં મેળવી લેવાનું રહેશે. નિગમની ઉપરોક્ત કચેરી ખાતે તારીખ : ૮/૧૦/૨૦૧૪ના રોજ બપોરના ૨-૦૦ કલાક સુધીમાં બાનાની રકમના ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે નિયત ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં પોસ્ટ / કુરીયર / રૂબરૂમાં પહોંચાડવાના રહેશે. ત્યારબાદ મળેલ ટેન્ડરો ધ્યાને લેવામાં આવશે નહીં. કવર ઉપર 'વાહન વેચાણ કરવા અંગેના ભાવ' તેમ નિર્દેશ કરવાનો રહેશે. વાહન જોવા ઈચ્છતી વ્યક્તિઓએ કચેરીના સમય દરમિયાન સંપર્ક કરવાનો રહેશે. તારીખ : ૮/૧૦/૨૦૧૪ના રોજ ૧૫-૦૦ કલાકે નિગમની ગાંધીનગર (ઉદ્યોગ ભવન) કચેરી ખાતેની ઉપરોક્ત વાહન કમ ટેન્ડર જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવશે. ટેન્ડર ભરનાર પાર્ટી જ જાહેર હરાજીમાં ભાગ લઈ શકશે. બાનાની રકમનો ડ્રાફ્ટ ગુજરાત શીપ એન્ડ વુલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ., ગાંધીનગરના નામનો જમા કરાવવાનો રહેશે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય વાહનના ટેન્ડર સ્વીકારવા કે નહીં તેનો આખરી નિર્ણય લેવાની સત્તા નિગમના વહીવટી નિયામકશ્રીને અબાધિત છે.

**વહીવટી નિયામક**

C. PVC, UPVC

BATH FITTINGS

STEEL • PIPES • SHEETS

TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ